Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कश्चैतन्यवतां हृदि स्थिरतरं शेते हि साक्षीभवन्
कश्चैतन्यवतां हृदि प्रचरति प्रक्षालयंस्तच्छुचम् ।
कं लब्ध्वा मनुजाः स्वकर्मकरणे शक्ता भवन्ति द्रुतम्
आत्मानंदं प्रकाशमेव न हि सन्देहोऽत्र वै विद्यते ॥

पु० २५ मुं | वीर सं. २४६४ पोष आत्म सं. ३२ { अंक ६ ठो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


૧ શ્રી ઋષભ જિન સ્તુતિ. ... ૧૪૧
૨ યુવકોને. ... ... ૧૪૨
૩ તીર્થંકર ચરિત્ર. ... ... ૧૪૩
૪ મન નિરોગી તો શરીર નિરોગી. ... ... ૧૪૭
૫ કર્મવાદ. ... ... ૧૪૯
૬ કેટલાક ઉપયોગી વિચારો ... ૧૫૪
૭ પાદપૂર્તિ. ... ... ૧૫૮
૮ તીર્થરક્ષક કમિટિ. ... ... ૧૫૯
૯ કાળની ફાળ. ... ... ૧૬૨
૧૦ શ્રી નવકાર મંત્ર. ... ... ૧૬૩
૧૧ ગ્રંથાવલોકન. ... ... ૧૬૪


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમાન્ હરિભદ્રસૂરિ વિરચિત.

# શ્રી ધર્મબિન્દુ ગ્રંથ.

**આ ગ્રંથ આપણી શ્રી જૈન શ્વેતાંબર કોનફરન્સની એજ્યુકેશન બોર્ડે ધાર્મિક અભ્યાસક્રમમાં શાળા, પાઠશાળાઓમાં ચલાવવા મંજુર કરેલ છે.**

## ( મૂળ અને મૂળ ટીકાનું શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર સહિત )

આ ગ્રંથના મૂળ કર્તા મહાનુભાવ શ્રી હરિભદ્રસૂરિ કે જેઓ જૈન ઇતિહાસમાં ચૌદસોને ચુંમાલીશ ગ્રંથોના કર્તા તરીકે પ્રખ્યાત છે, તેની કૃતિમાં અદ્દભુત અને સુબોધક રચનાનું દર્શન થાય એમાં કાંઇ આશ્ચર્ય નથી. તે મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના ધર્મ બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે અને તેની અંદર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યો છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિધર્મને વિસ્તારથી પ્રતિપાદન કરનારો આ ગ્રંથ રચવામાં આવ્યો છે જે વાંચવાથી વાચક જૈનધર્મના આચાર, વર્તન, નીતિ વિવેક અને વિનયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ એ દ્વિપુટી જો આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મ-સ્વકર્તવ્યના યથાર્થ સ્વરૂપને જાણી પોતાની મનોવૃત્તિને ધર્મ-રૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે.

આ ગ્રંથની આ બીજી આવૃતિ છે, તેમાં મૂળ સૂત્ર શાસ્ત્રી ટાઇપમાં અને ભાષાંતર ગુજરાતી ટાઇપમાં છપાવેલ છે.

ઉંચા ગ્લેઝ કાગળો ઉપર, સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી, સુશોભિત પાકા કાપડના બાઇંડીંગથી મજબુત બંધાવેલ છે. ડેમી સાઇઝમાં શુમારે ચારશેંહ પાનાના આ ગ્રંથની માત્ર રૂા. ૨-૦-૦ કિંમત રાખેલી છે. પોસ્ટેજ જુદું.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

---

# અમારૂં જ્ઞાનોદ્ધાર ખાતું.

## નીચેના ગ્રંથો છપાય છે. અને તૈયાર થાય છે.

| | |
|---|---|
| ૧ શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર ) | ૩ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ( ભાષાંતર ) |
| ૨ શ્રી વિમલનાથ ચરિત્ર ,, | ૪ શ્રી મહાવીર ચરિત્ર ,, |
| १ ऐन्द्र स्तुति ( संस्कृत ) | २ श्री वसुदेव हींडि प्राकृत |

ઉપરના ચરિત્રોના ગ્રંથો ઘણાજ પ્રાચીન પૂર્વાચાર્યકૃત હોઇ, કથાઓ ઘણીજ સુંદર રસીક, ભાવવાહી અને અંતર્ગત વિવિધ ઉપદેશક કથાઓ સહિત છે. મહાન પુરૂષોના આવા સુંદર, સત્ય ચરિત્રો વાંચી વિચારી આત્મકલ્યાણ સાધવાની આ સુંદર તક કે જે સભાના લાઇફ મેમ્બર થઇ તેવા ગ્રંથો ભેટ મેળવી લેવા ચૂકવાનું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च। यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते। यत्पुनरकुशलरूपं तत्पापमधर्मश्चाभिधीयते। पुण्योदयजनितः सुखानुभवः पापोदयसंपाद्यो दुःखानुभवः। तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवार्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २५ मुं. } वीर संवत् २४५४. पोष. आत्म संवत् ३२ { अंक ६ ठो.

## श्री ऋषभजिन स्तुतिः ॥

( वसन्ततिलका वृत्तम् )

( ले० अजितसागरजीसूरि महाराज. )

कल्याणमन्दिरमुदारमवद्यभेदि,
सत्कर्मकारणमनल्पविभानिधानम्।
शक्रा यदीयचरणाम्बुजमानमन्ति,
नाभेयमीशमनिशं प्रमुदा स्तवीमि ॥ १ ॥
देवाधिदेवनिकरस्य नमामि नित्यं,
भीताभयप्रदमनिन्दितमंघ्रिपद्मम्।
सर्वार्थ सिद्धिनिलयं जनकमितानां,
संपादकं मथितमोहमहाप्रचारम् ॥ २ ॥
जैनेन्द्रवाङ्मयशेषसुखैकधाम,
श्रेयांसि वो दिशतु दुःखलतालवित्रम्।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



संसारसागरनिमज्जदशेषजन्तु-
संतारणे प्रवहणं प्रवरं गरिष्ठम् ॥ ३ ॥
चक्रेश्वरीविमलपादसरोजयुग्मं,
सेवां दधात्यजितनाथ सुशासनस्य ।
देवींदुरन्त भववार्धिपतज्जनानां,
पोतायमानमभिनम्य जिनेश्वरस्य ॥ ४ ॥

## —યુવકોને.—

કેળવ્યો પુરૂષાર્થ નહિતો, જીંદગી શા કામની ?;
સેવક થઇ સેવા ન કીધી, જીંદગી શા કામની. ૧
મહમદ ગીઝની ક્રૂરતાથી, દ્રવ્ય સંચી કયાં ગયો ?;
મનુષ્ય હત્યાકાંડને, પુરૂષાર્થ શું તેને કહ્યો ? ૨
નાદિર શાહના દોરને, જુલ્મો જરા તો યાદ કર,
સ્વાર્થની સરિતા વહાવી, જીવન મૂલના ડુલ પર. ૩

### ખરો પુરૂષાર્થ કયો ?

બુદ્ધજ મહાવીર ઉતર્યા, પુરૂષાર્થીમય અવનિપરે;
ચોંકાવીઆ જગ લોકને, અણમોલી થઇ તે જીંદગી. ૪
ગાંધી અને વીર ગોખલેની, દેશ સેવા નિરખો;
તે જીવન અણમૂલ છે, પુરૂષાર્થ મય હો જીંદગી. ૫
નિજ કુટુંબ, દેશ, પરાત્મ સેવા, દાઝ જો હૈયે ધરે;
શાસન દિવાકર આજ ઝળુકે, નક્કી આ ભૂતલ પરે. ૬
મનુ જીંદગીનું સત્વ શેમાં ?, જો તમે પૂછો મ્હને;
સેવા કરો સૌ પ્રાણીની, પ્રભુ તેજ પ્રગટે અંતરે. ૭
જીંદગીનું સત્વ એ છે, વળી આત્મનો વિકાસ છે;
પ્રેરવા પ્રાર્થો પ્રભુને, આદર્શમય તમ જીંદગી. ૮

\+ + + +

પુરૂષાર્થમય આ જીંદગીની, એક ક્ષણ ને એક પળ;
અંકિત કરે ના મૂલ્ય કોઇ, જીંદગી તે દેવ સમ. ૯

પ્રયોજક:—**ચેલાભાઈ પ્રાણલાલ શાહ-કલોલ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગીયાર અંગોમાં નિરૂપણ કરેલ
# તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ઠ ૧૨૦ થી શરૂ. )

## શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર *

### ( શ્રુતસ્કંધ ૧ અધ્યયન ૨ જું વૈતાલિધ્યયન ઉદ્દેશ ૧-૨-૩ )

—આ આખા અધ્યયનમાં પ્રભુ ઋષભદેવે પોતાના પુત્રને આપેલ ઉપદેશ છે.

### (શ્રુતસ્કંધ ૧ અધ્યયન ૬ ઠું શ્રી મહાવીર સ્તુતિ ઉદ્દેશ-૧ )

ગાથા ૧-૨-જંબુસ્વામી-શ્રમણ બ્રાહ્મણો ગૃહસ્થો અને પરતીર્થીકો (મને) પૂછે છે કે એવો કોણ હતો કે જેણે માધ્યસ્થ્યથી એકાંત હિતકર અને અનન્ય એવા ધર્મનો ઉપદેશ આપ્યો છે,

---

* વિશેષ વિષય.

વાદસૂત્રો-ખંડ-૧-અ-૧.

દિક્ષાના વિઘ્નો-ખં૦૧-અ-૨-ઉ-૧ સૂત્ર ૧૬-થી-૨૧, અ-ઉ-ઉ-૧ સૂત્ર ૧-થી-૨૨, ખં૦ ૧ અ-૩. ઉ-૪

સાચો મુનિ કોણ? ૧-૨-૨-૬ કુશિલતા સંયમનો કંટાળો-૧, ૩, ૧, ૧-થી-૧૭.

ઘરમાં કોણ ગોંધાઇ રહે? ખં૦ ૧-આ-૨-ઉ-૨-સૂ-૧૦ રાજ સંસર્ગના દૂષણો ૧, ૨, ૨, ૧૮,

શિશુપાળ અને કૃષ્ણ ૧, ૩, ૧, ૧૦.

નમિ. રામગુપ્ત બાહુક નારાયણ આસિલ્લ દેવિલ્લ દ્વિપાયન પારાશર ખં૦ ૧-અ-૩-ઉ-૪ સૂત્ર-૨-૩.

માંદાની માવજત ૧, ૩, ૩, ૮ થી ૨૧, સ્ત્રીઓની જરૂરી વસ્તુઓ ૧, ૪, ૨, ૭ થી ૧૫.

પ્રાણિવર્ગ ખં૦ ૧, ૭, ૧, ૧=ખં૦ ૧, ૯, ૧, ૮,=ખં૦ ૧, ૧૧, ૧, ૮.=ખં૦ ૧, ૧૧. ૧, ૨૭. ખં૦ ૧, ૧૪, ૧, ૧૪,=ખં૦૨. સૂત્રો-૩૨-૩૫-૫૬-૫૭.

આર્યો અનાર્યો. ૧, ૯, ૧, ૧, ખં૦ ૨. સૂત્રો. ૩૧.

દેવભેદો. ૧, ૧૨, ૧, ૧૩, અષ્ટાંગ નિમિત્ત વિગેરે ૧, ૧૨, ૧, ૯,=૨, ૨, ૧, ૩૦,

અનુષ્ટુપ ગીતિ વૈતાલિક વિગેરે છંદના નમુના ખં૦ ૧ અધ્યયનો ૨, ૪, ૧૫. વિગેરે અંગ ૨. ૨, ૧, ૧૧ કુટુંબવર્ગ-ખંડ-૨.:સૂત્ર-૧૩-સૂત્ર ૩૫.

શ્રાવક વર્ણન ખંડ. ૨ સૂત્ર ૩૯ સૂત્ર ૬૯.

ગર્ભ અધિકાર ખંડ. ૨ સુત્ર ૫૬.

પાણી ગર્ભ. ખંડ-૨-સૂત્ર ૫૯.

ખનિજ પદાર્થો ખંડ ૨ સૂત્ર ૬૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે સ્વામી ? જો તમો બરાબર જાણતા હો તો જેવું સાંભળ્યું હોય અને જેવું અવધાર્યું હોય તેવા સ્વરૂપમાં કહો કે તે જ્ઞાતપુત્રનું જ્ઞાન કેવું હતું ? દર્શન કેવું હતું ? વર્તન કેવું હતું ?

ગાથા ૩ સુધર્મા સ્વામી—જે કર્મવિપાક–લોકાલોકના જાણકાર હતા, કુશલ કર્મને છેદનારા હતા, તિવ્ર બુદ્ધિવાળા–મહર્ષિ હતા. અનન્તજ્ઞાની અને અનંત દર્શી હતા. લોકની સમક્ષ રહેલ–જગતના ચક્ષુરૂપ તે યશસ્વીનો આ ધર્મ છે એમ જાણ. અને તેમની ધીરતાનો વિચાર કર.

૪–તે ( ભગવાન ) પ્રાજ્ઞ હતા, દીવા સમાન હતા. જેણે ઉર્ધ્વ દિશામાં રહેલા, અધો દિશામાં રહેલા તથા તિર્છિ દિશામાં રહેલા ત્રસ અને સ્થીર પ્રાણીઓને **નિત્ય** અને **અનિત્ય** જોઇને સમિત ધર્મનો ઉપદેશ આપ્યો છે.

૫–ભગવાન્ સર્વદર્શી હતા, અપૂર્ણ જ્ઞાનથી રહિત–સર્વોત્તમ જ્ઞાનવાળા હતા, નિરામગંધ–શુદ્ધ ચારિત્રવાળા હતા, ધૃતિવાળા હતા, નિષ્કર્મ આત્મરૂપવાળા હતા, સર્વ જગતમાં પ્રધાન હતા, વિદ્દસ્વરૂપ હતા, ગ્રંથરહિત નિર્ભય અને સાંસારિક જીવતરથી પર હતા.

૬–ભગવાન પ્રભૂત જ્ઞાનવાળા અનિયત વિહારી, સંસાર સમુદ્રના તરૈયા, ધીર અનંત ચક્ષુવાળા સૂર્ય સમાન અનુપમ પ્રકાશવાળા અને પ્રજ્વલિત શિખાવાળા અગ્નિની પેઠે ( અંધકારને દૂર કરી પ્રકાશ ફેલાવનારા હતા ) અંધારામાં અજવાળું કરનારા હતા.

૭–કાશ્યપ ગોત્રિય ભગવાન મહાવીર પૂર્વજીનવરોએ પ્રરૂપેલ ધર્મના નેતા હતા અને સ્વર્ગમાં હજારો દેવોથી શોભતા ઇંદ્રની જેમ પ્રભાવશાળી નાયક અને શ્રેષ્ટ હતા

૮–ભગવાન બુદ્ધિવડે કરીને સાગરસમા અક્ષત હતા. સ્વયંભૂરમણ સમુદ્રની જેમ અનંત–અપાર હતા તથા ( અકલુષિત ) નિર્મળ, કષાય રહિત, મુકત ઇંદ્ર સમા દેવાધિપતિ અને કાંતિવાળા હતા.

૯–ભગવાન સંપૂર્ણ બળવાળા હતા, તથા જેમ મેરૂ પર્વત સર્વ પર્વતોમાં શ્રેષ્ટ ઉંચે વસનારો છે. હર્ષ જનક છે અને અનેક ગુણોથી બીરાજમાન છે તેમ ભગવાન પણ સર્વ શ્રેષ્ટ દેવોને આનંદ પ્રકટાવનારા અને સર્વ ગુણથી વિરાજમાન હતા. ( આ ગાથામાં વિશેષણોનો સંધિછેદ કરવાથી બન્ને પક્ષમાં જુદો જુદો અર્થ થાય છે.)

૧૦–૧૧–૧૨–૧૩–જે મેરૂપર્વત લાખ યોજનનો છે. ત્રણ કાંડવાળો છે, પંડકવનરૂપી ધ્વજાવાળો છે. જે નવાણું હજાર યોજન બહાર અને એક હજાર યોજન ભૂમિમાં ઉભો છે. આકાશને રોકીને ભૂમિમાં ખોડેલ છે અને જેની ચારેબાજુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂર્ય ભ્રમણ કરે છે. જે પર્વત સોના જેવી કાંતિવાળો છે, ઘણાં નંદન વનવાળો છે કે-જેમાં મહેંદ્રો આવીને રતિક્રીડા કરે છે. તે પ્રસિદ્ધ નામવાળો, કંચનથી ઓપ્યો હોય તેવો વિરાજમાન, અનુપમ મેખળાવડે કરીને બીજા પર્વતો કરતાં વધારે વિષમ ગીરિ શ્રેષ્ટ, ભૂમિની જેમ દીપતો-મંગળની જેમ દીપતો, પૃથ્વીના મધ્યમાં રહેલો પર્વતોના ઇંદ્ર જેવો લોકપ્રસિદ્ધ સૂર્યસમાન તેજસ્વી શોભાદાર, બહુ વર્ણવાળો અને મનોહર પર્વત સૂર્યની પેઠે પ્રકાશે છે.

૧૪-આ ગિરિરાજ મેરૂપર્વતની જે ઉપમા કહી છે તેમ, યશ, દર્શનજ્ઞાન અને આચારમાં તેજ ઉપમાવાળા શ્રવણ જ્ઞાતપુત્ર હતા.

૧૫-લાંબા પર્વતોમાં જેમ નિષધગિરિ શ્રેષ્ટ છે અને વૃત્ત પર્વતોમાં જેમ રૂચકગિરિ શ્રેષ્ટ છે, તેમ ભગવાન પણ શ્રેષ્ટ હતા, અર્થાત્ તેને જગતમાં " તીવ્ર-બુદ્ધિવાળામાં શ્રેષ્ટ " " અને મુનિ વૃન્દમાં પ્રજ્ઞ " કહેતા હતા.

૧૬-ભગવાને આ રીતે ધર્મ પ્રકાશીને ફીણસમાન નિર્મળ શંખ, ચંદ્રસમાન કાંતિવાળું અનુપમ અને શ્વેત વર્ણવાળું શ્રેષ્ટ શુકલ ધ્યાન ધ્યાયું.

૧૭-ત્યારપછી તે મહર્ષિ સાદિ અનંતપણે દરેક કર્મોનો નાશ કરીને જ્ઞાન-દર્શન અને ચારિત્રની સાથે લોકને છેડે રહેલ પ્રધાન સિદ્ધિ ગતિને પામ્યા.

૧૮-વૃક્ષમાં ભુવન પતિઓ જ્યાં આવીને ક્રીડા કરે છે તે ( દેવકુરૂનું ) શાલ્મલી વૃક્ષ પ્રસિદ્ધ છે અને નંદનવન વનોમાં શ્રેષ્ટ છે તેમ વિશાળ જ્ઞાનવાળા ભગવાન જ્ઞાન અને ચારિત્રવડે શ્રેષ્ટ છે. ( અથાત્ ભગવાન જ્ઞાનીઓ અને અર્થ ક્રિયાકારીઓમાં શ્રેષ્ટ છે. )

૧૮-વૃક્ષોમાં શાલ્મલી વૃક્ષ પ્રધાન છે કે જ્યાં સુપર્ણ કુમારો ક્રીડા કરે છે અને વનોમાં નંદનવન શ્રેષ્ટ છે કે જ્યાં દેવો ક્રીડા કરે છે, તેમ વિશાળ જ્ઞાનવાળા ભગવાન શ્રેષ્ટ છે કે જે જ્ઞાન અને ચારિત્રથી યુક્ત છે. ( આ અર્થ બીજે પ્રકારે કર્યો છે. )

૧૯-શબ્દોમાં મેઘની ગર્જના શ્રેષ્ટ છે, તારાઓમાં ચંદ્ર શ્રેષ્ટ છે અને ગંધમાં ચંદન શ્રેષ્ટ છે તેમ મુનિઓમાં નિરીહ ભગવાન શ્રેષ્ટ છે.

૨૦-સમુદ્રોમાં જેમ સ્વયંભૂરમણ શ્રેષ્ટ છે, નાગદેવોમાં જેમ ધરણેંદ્ર પ્રધાન છે અને રસોમાં જેમ શેરડીનો રસ ઉત્તમ છે તેમ તપ **ઉપધાનમાં** ભગવાન શ્રેષ્ટ છે.

૨૧-જેમ હાથીમાં ઐરાવણ, વનપશુઓમાં સિંહ, નદીઓમાં ગંગા અને પક્ષીઓમાં વેણુદેવ-ગરૂડ શ્રેષ્ટ છે, તેમ **મોક્ષવાદી**ઓમાં ભગવાન જ્ઞાતપુત્ર શ્રેષ્ટ છે.

૨૨-યોદ્ધાઓમાં જેમ ચક્રવર્તી શ્રેષ્ટ છે, ફૂલોમાં જેમ કમળનું ફૂલ શ્રેષ્ટ છે અને ક્ષત્રિઓમાં ચક્રવર્તી શ્રેષ્ટ છે તેમ ઋષિઓમાં ભગવાન **વર્ધમાન** શ્રેષ્ટ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૩–દાનમાં અભયદાન પ્રધાન છે, સત્યમાં નિષ્પાપ વચન શ્રેષ્ઠ છે. तवे सुया उत्तम बंभचेरं તપસ્યામાં **બ્રહ્મચર્ય** ઉત્તમ છે અને લોકોમાં શ્રમણુ જ્ઞાતપુત્ર ઉત્તમ છે.

૨૪–સ્થીતિમાં જેમ લવસપ્તમ સ્થીતિ શ્રેષ્ઠ છે, સભાઓમાં જેમ સુધર્મી સભા શ્રેષ્ઠ છે. સર્વ ધર્મ ફલોમાં જેમ મોક્ષ શ્રેષ્ઠ છે તેમ ભગવાન જ્ઞાતપુત્રથી વધારે શ્રેષ્ઠ કોઇ જ્ઞાની નથી. (તેમ ભગવાન જ્ઞાતપુત્રના જ્ઞાન સમાન બીજું કોઇ શ્રેષ્ઠ જ્ઞાન નથી.)

૨૫–ભગવાન પૃથ્વી જેવા આધાર ભૂત હતા. કર્મનાશક, ગૃદ્ધિરહિત, સ્નેહ રહિત, તત્સમયી બુદ્ધિવાળા, અભયપ્રવર્તક વીર અને અનન્ત જ્ઞાન–નેત્રવાળા હતા જેઓ આ વિશાળ સંસાર સાગરને તરી ગયા છે.

૨૬–ભગવાન ક્રોધ, માન, માયા અને ચોથો લોભ એ આત્મદોષોને વમીને મહર્ષિ અરિહંત થયા. જેથી પાપ કરતા નથી અને કરાવતા નથી.

૨૭–ભગવાને ક્રિયાવાદ, અક્રિયાવાદ, વિનયવાદ અને અજ્ઞાનવાદના પક્ષોના–દૂષણોનો વિચાર કરી " તે બધા માત્ર વાદો છે " એમ યથાર્થ પણે ઉપદેશ કર્યો. અને યાવજ્જીવ સંયમમાર્ગમાં સ્થિર રહ્યા.

૨૮–ભગવાને સ્ત્રી અને **રાત્રિ ભોજન**નો નિષેધ કર્યો છે. કર્મ ક્ષય માટે **ઉપધાનનો** તપસ્યાનો ઉપદેશ કર્યો છે અને આ લોક તથા પરલોકને યથાર્થરૂપે જાણીને તેમાં જતા જીવોને અનેકવાર બચાવ્યા છે.

૨૯–અરિહંત ભગવાને કરેલ શુદ્ધ અર્થ–પદવાળા અને યુક્તિથી નિરૂપણુ કરેલ એવા ધર્મને સાંભળીને તેની ઉપર શ્રદ્ધા કરનારા મનુષ્યો આયુષ્યકર્મનો છેદ કરનારા થાય છે. કેમકે જો આયુષ્યકર્મ હોય તો ઇંદ્રો અને દેવાધિપો પણુ પાછા આવે છે.

## શ્રી સૂત્રકૃતાંગ.

( શ્રુતસ્કંધ–૨ અધ્યયન ૬ ઠું આર્દ્રકીય ગાથા ૧ થી ૫૫. ભગવાનનો છદ્મસ્થકાળ તીર્થપ્રતિષ્ઠાકાળ )

ગાથા ૧–૨–૩–**ગોશાળો**–હે આર્દ્ર ? તારા તીર્થંકરની પૂર્વ સ્થિતિ સાંભળ ? તે પહેલાં એકાંતચારી શ્રમણુ હતા જે અત્યારે બહુ ભિક્ષુઓને ભેગા કરીને અને મનુષ્યોને વિસ્તારથી ધર્મ કહે છે; આ ધર્મોપદેશ દેવાની પદ્ધતિ પોતાની આજીવિકા માટે ઉભી કરી છે. આથી માની શકાય છે કે તે પોતાના પૂર્વકાળના અને અત્યારના વિચારોમાં એક નથી–અસ્થિર છે. વળી તે સભામાં જઇને કે ભિક્ષુની મધ્યમાં જઇને મનુષ્યોના હિત માટે બોલ્યાજ કરેછે. આ રીતે તેની પૂર્વ સ્થિતિ અને વર્તમાન સ્થિતિમાં કયાંઇ મેળ મળતો નથી ! તો હવે એકાંતમાં રહેવું. અથવા તો પહેલેથીજ મનુષ્યોના સંસર્ગમાં રહેવું હતું તથા હવે મૌન સેવવું અથવા તો પહેલથીજ ધર્મોપદેશ કરવો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩–૪–૫–૬–**આર્દ્રકુમાર**–અહો એ ભૂતકાળ વર્તમાનકાળ અને ભવિષ્યકાળનો બરાબર સંબંધ છે. લોકસ્વરૂપને બરાબર જાણ્યા પછી ત્રસ અને સ્થાવર પ્રાણીઓની શાંતિને ઇચ્છતો શ્રમણ કે બ્રાહ્મણ હજારોની વચ્ચે ઉપદેશ આપે તો તે નિશ્ચયથી ખ્યાતિ પામે છે અને તેવી રીતે પૂજાય છે. ક્ષમાશીલ દાંત જીતેંદ્રિય દુષ્ટ ભાષાને વર્જનાર અને હિતકર ભાષાનો બોલનાર મનુષ્ય ધર્મની પ્રરૂપણા કરે તેમાં દોષજ નથી.

પાંચ મહાવ્રતો અણુવ્રતો, પાંચ આશ્રવો સંવર અને વિરતિ વિગેરે ભેદોવડે કરીને આ લોકમાં **પૂર્ણ શ્રમણ** થવાય છે એ ઉપદેશ આપે છે માટે તે કર્મનો નાશ કરનારા **શ્રમણ** છે એમ હું માનું છું.

૨૦–**આર્દ્ર કુમાર**–તે (ભગવાન) નવું કરતા નથી જુનું ખપાવે છે. તારે છે " આ પ્રમાણે કરનાર બ્રહ્મવ્રતી હોઇ શકે " એમ ઉપદેશ કરે છે અને લાભાર્થી છે માટે તે સાચા શ્રમણ છે એમ હું માનું છું.

૨૪–૨૫–આર્દ્રકુમાર–તે ભગવાનને જે લાભ થાય છે તે સાદિ અનંત છે. તેઓ આ ઉદયને સાધે છે, તે ત્રાયી છે, જ્ઞાની છે, આવા અહિંસક સર્વથા દયાળુ ધર્મિષ્ઠ અને કર્મના વિપાકને જુડનારા શ્રમણને **પોતાની જેવા માનનારા મનુષ્યો** પોતાની **અજ્ઞતાનો** પડઘો પાડે છે.

૪૦–**આર્દ્રકુમાર**–સર્વ જીવોની દયા માટે સપાપ દોષનો ત્યાગ કરનારા **અને** તેની શંકાવાળા એવા મહાવીરના શિષ્યો **ઉદ્દિષ્ટ આહાર** લેતા નથી.

શ્રુતસ્કંધ–૨–અધ્યયન નાલન્દીય.

સૂત્ર ૬૮ થી ૮૧–રાજગૃહિના નાલંદાપાડાની બહાર વસતા શ્રાવક લેપ ગાથા–પતિના હાસ્તયામવનખંડમાં ગણધર **ગૌતમસ્વામી** સાથે શ્રી પાર્શ્વનાથ સંતાનિય મુનિ **ઉદક** પેઢાલના સ્થુલ અહિંસા વિગેરે માટે પ્રશ્નોત્તરો અને છેવટે ભગવાન મહાવીર પાસે પાંચ મહાવ્રતોનો સ્વિકાર ઇત્યાદિ અધિકાર. (ચાલુ)

## મન નિરોગી તો શરીર નિરોગી

લે૦ પોપટલાલ સુખલાલ દોશી. બી. એ.

મનુષ્યજીવન એ વિચારમય જીવન અર્થે છે. શારીરિક જીવન પશુયોનિના ગાઢ સંસ્કારોથી પશુયોનિ જેવું ખીલે છે, પરન્તુ એ મનુષ્ય સ્થિતિમાં વિચાર વિવેકથી વ્યવસ્થા સર ગોઠવાઇ જાય વા પલટાઇ જાય તો મનુષ્યજીવન મનુષ્યરૂપ અને મનુષ્યધર્મ પ્રગટાવે. મનુષ્ય જીવનમાં પુરૂષાર્થનું ક્ષેત્ર મનોભાવના અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનોદશામાં જ છે. વિચારની દશા તેની તરંગી–આવેશમય અને વેગવાળી સ્થિતિમાંથી સુધારી સુધારી ઉંડી તલસ્પર્શી અને નિશ્ચલ બુદ્ધિ પ્રગટાવનારી બને તે સારૂં જ સતત્ ઉદ્યમ કરવાનો છે. જીવનનું માપ આવા પુરૂષાર્થના પ્રમાણ અને વજન ઉપર જ છે.

જીવવું એટલે જીવ તરફ વળવું, આત્મ સન્મુખ થતાં જવું, દેહ અને તેના સંયોગોથી છુટવા મથવું. આવી મથન ક્રિયા એજ જીવન. એમાંથી માખણ નિકળે છે. એથી જ આત્માનો અનુભવ થાય છે. એથી જ દેહને પૂંઠ દેવાય છે; એકને પૂંઠ દેતાં અન્ય સન્મુખ થવાય છે.

આજે આપણે દેહ સન્મુખ ઉભા રહી જીવવા મથીએ છીએ, પણ દેહ નાશવન્ત હોવાથી આપણા જીવનના પુરૂષાર્થનું ફળ દેખાતું નથી. ખારી જમીન પર જેટલી મહેનત કરીએ તેટલી નિષ્ફળ જાય છે, તેમજ દેહભણી નજર રાખી જે કાંઇ કરીએ તે બધું નિરર્થક જાય છે. દરેક ધર્મશાસ્ત્રો અનાદિ કાળથી બોધતા આવે છે કે સુખના શોધકે સુખધામ એવા આત્મા સન્મુખ થવા પ્રબળ પુરૂષાર્થ કરવો અને દેહને પૂંઠ દેવી. અનંત કાલ આપણે દેહ ઉપર પ્રયોગો અજમાવતાં અજમાવતાં વિતાવ્યો, છતાં શાંતિ સુખનો પત્તોજ નથી. જ્યાં દુઃખ છે ત્યાં સુખ શોધવા મથવું અને જ્યાં સુખ છે ત્યાંથી દુઃખની ભ્રાંતિથી ભાગવું એવી ઘોર અજ્ઞાન દશામાં આપણે રીબાઇએ છીએ.

પરંતુ ફરી ફરી જાગી જઇ આપણે તો આપણું કામ અને ધામ છોડી દેવું નહી. આપણા સ્થાનમાંથી બહાર જ નિકળવું નહીં. અભ્યાસ વધતાં વૈરાગ્ય વધશે અને વૈરાગ્ય વધતાં અભ્યાસ સહેલો થશે. દરદી જેમ હમેશાં સવાર બપોર સાંઝ વૈદ્યની ગોળીઓ ખાય છે તેમ આપણે પણ સવાર બપોર સાંઝ આત્મસ્મરણની અમર ગુટિકા પેટમાં—જીવનમાં ઉતારવાની છે. એ તો શાંત સુધારસ જેમ જેમ જીવનમાં ભળતો જશે તેમ તેમ જીવન દિવ્ય બનતું જશે અને નિર્વિકારી સહજ આનંદઘન રૂપ બનતું જશે.

જાગો, બધું જાગો, આજે સમય સુંદર છે. મનનો ઉત્સાહ એજ શુભ મુહૂર્ત છે. શરીર પોષણથી તૃપ્ત થાય અને ટકે તેમ આત્મવિચારથી આત્મ જાગૃત થાય અને અનુભવાય. સંયમના સમયમાં આત્માની અનેક શક્તિઓ ખીલે છે. આપણે અગવડની સામે ઉત્સાહભર ધપતા નથી, પણ ટાઢા પડી જઇ આર્તધ્યાનમાં કે શોકાગ્નિથી સળગી જઈએ છીએ, પણ આપણે " દુઃખને સુખરૂપ જોતાં–પ્રેમે પ્રભુના ગુણ નિત્યે ગાઇએ " એ સત્ય સમજી સંભારી અનુભવી પ્રભુમય જીવન ગાળવાનું છે. જાગો, વીરા જાગો, જલ્દી.

મુજ જીવન આ પ્રભુ તુંથી ભરૂં, બલ દે અભિલાષ હું એહ પુરૂં;
મુજ રક્ત વિષે મુજ નાડી વિષે, મુજ દૃષ્ટિ વિષે મુજ વાણી વિષે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુજ તર્ક વિષે મુજ કર્મ વિષે, પ્રભુ વાસ વસો મુજ મર્મ વિષે;
શિરમાં ઉરમાં મુખમાં કરમાં, પ્રભુ વ્યાપી રહો મુજ અંતરમાં.
મુજ જીવન કેરૂં રહસ્ય ઊંડું, બન પ્રેરક ચાલક શાસક તું;
ધરીને ઉરમાં પ્રભુની પ્રતિમા, જહાં ઉન્નતિનો સ્થિર છે મહિમા.
સ્મરી આકૃતિ એ નિજ પિંછી વડે, અનુસારજ ચિત્ર પછી ચિતરે;
જેમ ચિત્રક એ મન મૂર્તિ વડે, બહુ સુંદર ઉત્તમ સૃષ્ટિ રચે.
તેમ જીવનના પટની ઉપરે, મુજ લેખન એ તુજ સાક્ષી પુરે;
પ્રભુ મુદ્રિત અંકિત તું હૃદમાં, કૃતિઓ બધી ત્વન્મય હો જગમાં.
મુજ વર્તનથી છબી જે બની રહે, તુજ ઉજ્વલ રૂપની ઝાંખી દીએ;
મુજ જીવન આ પ્રભુ તુંથી ભરૂં, બળ દે અભિલાષ હું એહ પુરૂં.

ॐ શાંતિ ! શાંતિ !! શાંતિ !!! સં. વિહારી.

# કર્મવાદ.

લી૰ મુનિ બુદ્ધિવિજયજી—મ્હેસાણા.

આ સૃષ્ટિમાં કે ચતુર્દશ રાજલોકોમાં પ્રાણીઓ સુખ દુઃખનો અનુભવ કરે છે. કોઈ રાજાપણે, કોઈ રંકપણે, કોઇ શ્રેષ્ઠીપણે ને કોઇ ભીખારીપણે, કોઇ નોકર પણે ને કોઇ તેના ઉપરી પણે રહે છે. તેમાં પણ કોઈ બુદ્ધિશાળી, કોઈ અજ્ઞાની, કોઇ રૂપવાન, કોઈ કદરૂપા વિગેરે જુદા જુદા ભેદો માલુમ પડે છે. આ ભેદોની અંદર કંઈ પણ કારણ તો હોવુંજ જોઇએ. કારણની વિચિત્રતા સિવાય કાર્યની વિચિત્રતા નથી થતી. આ વાત તો જગત્ પ્રસિદ્ધ છે તેથી આ વિચિત્રતાનો હેતુ તેજ કર્મ છે.

અને તે કર્મને આત્માની સાથે જન્ય જનક ભાવ સંબંધ છે, તેથી તેનો અંત પણ આવી શકે છે. જેમ કોઇને આપણે પ્રશ્ન કરીશું કે પહેલાં કુકડી કે ઇંડાં ઉત્પન્ન થયાં ત્યારે પરંપરાનો વિચાર કરતાં પહેલાં કુકડી એવું પણ કહી શકાય નહીં, કેમકે ઇંડામાંથીજ કુકડી ઉત્પન્ન થાય છે, તેમ પહેલાં ઇંડાં ઉત્પન્ન થયેલ છે, એમ પણ કહી શકાય નહિ, કેમકે ઈંડાંની ઉત્પત્તિ પણ કુકડી સિવાય બની શકતી નથી. તેથી પરંપરાની અપેક્ષાએ તો આપણે અનાદિપણું સ્વીકારવુંજ પડશે. પ્રત્યેકની અપેક્ષાએ તો જેમ અમુક કુકડીનો જન્મ અમુક ટાઇમે થયો છે એમ કહેવાય છે, પરંતુ સૌમાં પ્રથમ કોણ એવો તો નિશ્ચય થાય જ નહિ, કેમકે તેની-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલાં પણ તેવીજ સ્થિતિ રહેલી હોય છે. આથી આત્માને કર્મ એ બંન્નેને અનાદિકાલનો સંબંધ રહેલો છે અને અનાદિ વસ્તુનો કોઇ કર્તા પણ હોઇ શકેજ નહિ. આથી આ સૃષ્ટિનો કર્તા અમુકજ છે એ માનવું કેવલ ભૂલ ભરેલું છે, કેમકે જ્યારે આત્મા નિત્ય છે ત્યારે તેને બનાવનાર તો કોઇ હોઇ શકે નહિ, તેમ કર્મ પણ પ્રાણીઓ કરે છે અને તે પણ દેહધારી કરી શકે છે. જ્યારે દેહ ધારણ કરે ત્યારે તેને રહેવાનું સ્થાન પણ અવશ્ય હોવું જોઇએ, તેથી પ્રાણીઓને રહેવાની પૃથ્વી તે પણ અનાદિ કાળનીજ છે.

આની સાથે દેહનું ધારણ કરવું તે પણ કર્માનુસારે છે અને તે કર્મનો કર્તા આત્મા તે પણ તેજસ અને કાર્મણ શરીરના સંબંધવાળો રૂપી પણ છે.

એટલાજ માટે સ્યાદ્વાદ શૈલિએ કથંચિદ્ રૂપી અરૂપી આત્મા કહેવાય છે.

જો એકાંતે આત્માને અરૂપી માનવામાં આવે તો જેવી રીતે સિદ્ધાત્મા સર્વજ્ઞ સર્વદર્શી દેહને ધારણ કર્તા નથી, તેની માફક સંસારી જીવો પણ દેહને ધારણ નજ કરી શકે, કારણ કે જેવા કારણો હોય તેવા પ્રકારે કાર્યની ઉત્પત્તિ થાય છે. જુઓ કે માટી રૂપી છે તોજ તેનાથી ઉત્પન્ન થએલ ઘડો તેપણ રૂપીજ થાય છે.

પરંતુ રૂપી પદાર્થથી અરૂપીની અથવા અરૂપીથી રૂપીની ઉત્પત્તિ થતી નથી. જેમકે એક રેતીના કણમાં તેલ ન હોય તો ગમે તેટલા રેતીના સમુદાયમાંથી તેલ નજ નીકળી શકે એ વાત સ્વાભાવિક છે; તેવી રીતે આ દેહનું મૂળ કારણ કર્મ તે રૂપી છે, તેમ તે કર્મનો સંચય કરનાર તે પણ રૂપી છે. જેમ માટીનો ઘડો બનાવનાર કુંભકાર તે પણ રૂપી. માટી પણ રૂપી અને તેનાથી ઉત્પન્ન થયેલ ઘડો તે પણ રૂપી છે. ફક્ત આમાં જે આત્માનું રૂપીત્વપણું તે દેહના સંબંધ વડે કરી કહેલું છે.

પરંતુ એકાંતે આત્માને અરૂપી માની શકાયજ નહીં. તેમ કેટલાક કર્મને વાસના રૂપ માને છે તે વાત પણ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારતા ભૂલ ભરેલી માલૂમ પડે છે, કેમકે જે અરૂપી તેને રૂપી પદાર્થ અનુગ્રહ અથવા ઉપઘાત કરી શકતો નથી.

આ ઉપરથી કોઇના મનમાં આવું પણ થશે કે દારૂ વિગેરે પીવાથી માણસની બુદ્ધિ મલીન થાય છે, દહી ખાવાથી દર્શનાવરણીય કર્મનો ઉદય થાય છે અને તે આત્માના બુદ્ધિ વિગેરે ગુણોનો નાશ કરી શકે છે તેમ બ્રાહ્મી ઔષધી વિગેરેના પ્રતાપથી માણસની બુદ્ધિ સતેજ થાય છે તે કેમ બની શકે?

પરંતુ આ બાબતમાં જો વિચાર કરે તો સહજ સમાધાન થઇ શકે તેમ છે. આત્માનો ગુણ તો કેવલ જ્ઞાન કેવલ દર્શન છે. અને તેથી શુદ્ધાત્મા જેને કેવલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન પ્રાપ્ત થયેલું છે તેને ભલે ગમે તેટલું દધિ વાપર્યું હોય વા ગમે તેવી કેફી વસ્તુ ખાધી પીધી હોય તો તેના ગુણોમાં ફેરફાર થતો નથી. તેમ બ્રાહ્મયાદિ ઔષધો केवल ज्ञानीओना ज्ञानमां વધારો કરી શકતા નથી અને તેટલાજ માટે કેટલાક, स वै आत्मा वि गुणो न बध्यते न मुच्यते, આનો અર્થ પણ બરોબર વિચાર કર્યા સિવાય મોક્ષ સુખને પણ વિપરીતપણે માને છે. ખરી રીતે તપાસશો તો આનો ખરો અર્થ અન્ય દર્શનીઓ માને છે તેમ નથી; કેમકે જ્યારે આત્માને વિગુણ માનીએ અર્થાત ગુણરહિત માનીએ તો કોઇ સ્થળે ગુણી ગુણ સિવાય રહી શકે ખરો કે ? તથા જો ગુણ ન હોય તો પછી ગુણી દ્રવ્ય તે પણ ક્યાંથી હોય ? આથી સિદ્ધાવસ્થામાં ગુણોના નાશ માનનારાઓની એક મહત્વની ભૂલ છે એ વાત તો નિ:સંશય છે.

વળી બીજી બાજુએ વિચારશું કે જ્યારે જ્ઞાનાદિ ગુણોનો નાશ થાય તો એવા પ્રકારના મોક્ષની પણ અભિલાષા કોણ કરે ? તેથી સિદ્ધાવસ્થામાં જ્ઞાનરહિત પણું માનવાનું નથી.

પરંતુ આ આત્મા વિગુણો विगताछाद्मस्थिका गुणायस्य स: અર્થાત્ જેના છદ્મસ્થપણાના ગુણો બુદ્ધિ વિગેરે નાશ પામ્યા છે, તેથી જેમ છદ્મસ્થ પ્રાણીઓના જ્ઞાનાદિ ગુણોમાં પ્રસંગને પામી ન્યૂનાધિક્તા થવા પામે છે તેવા પ્રકારની ન્યૂનાધિકતા કેવલજ્ઞાન થયા બાદ થતી નથા અને શુદ્ધ સ્વરૂપે જ્ઞાતા હોવાથી ફરીથી કર્મ પણ બાંધતો નથી. કર્મ બંધનના અભાવે સંસારમાં આવવુ પડતું પણ નથી, પરંતુ શુદ્ધ સ્વરૂપેજ રહે છે. મતિ જ્ઞાન વિગેરે ચાર જ્ઞાનો તે તેટલાજ માટે ક્ષાયોપશમિક ભાવના ગણેલા છે અને તે ક્ષાયોપશમિક જ્ઞાન તે પણ રૂપી પુદ્ગલોની ઉપાધિજન્ય છે, પરંતુ જ્યારે તદ્દન જ્ઞાનાવરણી આદિ કર્મની ઉપાધિ દૂર થાય છે ત્યારે તો કોઇપણ તે ગુણોનો વ્યાઘાત અથવા અનુગ્રહ કરી શકતુંજ નથી.

તે પ્રસિદ્ધાત્મા નવીન કર્મો પણ બાંધતા નથી. આથી આ અન્ય મતાવલંબીઓ જે માને છે કે જ્યારે જ્યારે પોતાના તીર્થની હાનિ દેખવામાં આવે, અથવા દૈત્યો વિગેરેનો વધારો થાય ત્યારે તેનો નાશ કરવાને માટે ઇશ્વર અવતાર ધારણ કરે છે, તે વાત પણ અયોગ્ય છે; કેમકે જે આત્મા સિદ્ધ સ્વરૂપને પામેલ છે તેને પ્રથમ તો મોહનીય કર્મ નથી અને મોહનીય કર્મના અભાવે તેમને રાગ દ્વેષની પરિણતી થતી નથી. જ્યારે રાગ દ્વેષના પરિણામ ન હોય તો પછી તેઓને આ મારા ભકતો અને આ મારા શત્રુઓ, આને મારવા અને આને જીવાડવા એવો વિચાર તો ક્યાંથી જ હોય ? જ્યારે આવા પ્રકારે સામાન્ય વિચાર પણ ઉદ્ભવે નહિં તો પછી તે અવતાર તો નજ ધારણ કરે એ વાત પણ દેખીતી છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે છતાં પણ એમજ માનશો કે મહાત્મા ઇશ્વરને પણ મનાવા પૂજાવાની ઇચ્છા તો રહેલી છે, તો પછી આપણી માફક તેમને પણ ઇચ્છા છે. આપણી માફક માતાના ઉદરમાં પણ આવવું પડે છે અને મલ મૂત્રની કોઠીમાં રહેવું પડે છે તો પછી તેવા ઇશ્વરમાં અધિકપણું શું ?

કોઇ સામાન્ય બુદ્ધિમાન પણ મનુષ્ય વિષ્ટાથી ઉદ્વેગને પામેલો ફરીથી વિષ્ટા ચુંથવા ઇચ્છતો નથી, તો જેણે પુદ્ગલિક વસ્તુને વિષ્ટારૂપ જાણી દરેક પ્રકારે પુદ્ગલનો ત્યાગ કરેલો છે તે ફરીથી તેવા પ્રકારની ઇચ્છા કરેજ કેમ ?

જો કદાચિત્ એમજ માનવામાં આવે કે તેઓના મનમાં એવો શોખ થાય છે ત્યારે તો એમજ બન્યું કે તેમને પણ તેમનું મન કબજામાં નથી અને જ્યારે પોતાનું મન કબજામાં રાખવા જ્યારે અસમર્થ છે, તો પછી દુનિયાને કબજામાં કેવી રીતે રાખી શકશે ?

હવે જો આત્માને એકાંતે નિત્ય માનીએ તો ઘટને કેમ નિત્ય માનતા નથી ? ત્યારે તમારે કહેવું પડશે કે ઘડો ભાંગી જાય છે, તેનાં ઠીકરા બની જાય છે અને પૃથ્વીમાં ભળી જાય છે; વળી ઉત્પન્ન થાય છે તેથી તેને તો નિત્ય ન કહી શકાય તો હું પણ જણાવીશ કે જેમ ઘડો જુદા જુદા રૂપાંતરને પામે છે તેમ આત્મા પણ જુદા જુદા રૂપાંતરોને દેહ વ્યાપી હોવાને લીધે પામે છે, તેથી તે પણ નાના મોટા થયા કરે છે અને જુદા જુદા રૂપોને પામે છે.

બાલ્યાવસ્થામાં તદન અલ્પ હોય છે, યુવાવસ્થામાં પણ જુદુંજ રૂપ હોય છે, વૃદ્ધાવસ્થામાં જુદાજ રૂપને ધારણ કરે છે, તેથી તે પણ એક સ્થિર રૂપે તો રહેતોજ નથી. ગુણો પણ એક સરખા રહેતા નથી કેમકે તેનો તે આત્મા ઘડીમાં જ્ઞાની બને છે, અને ઘડીમાં અજ્ઞાની બની જાય છે. જુદી જુદી ગતિઓની અપેક્ષાએ, જુદા જુદા પ્રકારે કર્માનુસારે તેના પણ વિચિત્ર રૂપ બને છે. જો આત્મા એકજ રૂપે રહેતો હોય તો, જુદા જુદા રૂપને પામે નહિ, કદાચિત્ એમ માનવામાં આવે કે આત્માનો નાશ થતો નથી, તો હું કહું છું કે પુદ્ગલનો પણ નાશ થતો નથી, કેમકે ભલે દેહ બળી જાય તોપણ રાખોડી રૂપે તે રહે છે, રાખોડી રૂપે નષ્ટ થાય તો મૃતિકા રૂપે તો રહે છેજ, તેથી જડ દ્રવ્ય પુદ્ગલને પુદ્ગલના સ્વભાવને છોડતું નથી અને આત્મા તે આત્માના સ્વભાવને છોડતું નથી, તો પછી એકને નિત્ય અને પુદ્ગલને અનિત્ય કહેવું એ કેવી પક્ષપાતની વાત છે ? જુઓકે જૈન ગ્રંથોમાં પણ કેટલેક સ્થળે આત્માને નિત્ય અને પુદ્ગલને અનિત્ય કહેલું છે ત્યાં પણ અમુક નયની અપેક્ષાએ જ કહેલ સમજવાનું છે, તેથી દ્રવ્યાસ્તિકનયની અપેક્ષાએ નિત્ય અને પર્યાયાસ્તિકનયની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપેક્ષાએ અનિત્ય દરેક પદાર્થો રહેલ છે. તેમાં પણ જ્યારે પોતાના માથે પરીષહો ઉપસર્ગો વા કષ્ટો આવે ત્યારેજ તેમાં નિત્યતા ભાવવાની છે, જેથી પ્રાણી પોતાના ધ્યાનમાં ટકી શકે, નિડરપણે પોતાનું આત્મકલ્યાણ કરી શકે અને જ્યારે પર પૌદ્ગલિક વસ્તુનો વિચાર કરવાનો હોય ત્યારે અનિત્યતા ભાવવાની છે. યજ્ઞ વિગેરેમાં પણ આત્મા નિત્ય છે એમ કહી બીજા મુંગા પ્રાણીઓને હોમવા આવું પ્રતિપાદન કર્યું, પરંતુ કોઈએ પોતાના દીકરાને હોમવાની વાર્તા જણાવી નહિ, વા કોઇ યજ્ઞ કરનાર સ્વર્ગની અભિલાષાથી પોતે અગ્નિમાં જંપાપાત કરતો નથી, જુઓ કે જેવી રીતે બકરાનો આત્મા નિત્ય છે તેમ તમારો આત્મા પણ નિત્ય છે, પરંતુ આપણને તો સહેજ કાંટો વાગે એટલે અરે મરી ગયો એમ બુમ પાડી ઉઠીએ અને બીજાને મારતી વખતે આત્મા નિત્ય છે એવું બોલવું કેવું અઘટિત છે તે સજ્જનો વિચાર કરશે.

લગાર પક્ષપાતને ત્યાગ કરીને જોઇશું તો સ્યાદ્વાદ સિદ્ધાંત સત્ય છે, એવું પ્રકટપણે ભાસમાન થશે. કર્મ બંધન મુક્ત થયેલ સર્વોપાધિ મુક્ત એવો મુક્તાત્મા કોઈ કડાકુટમાં કોઇ દહાડો પડે નહિ અને પડે તો રાગાદિયુકત કહેવાય. આ બાબતની ઘણી ચર્ચા સૃષ્ટિકર્ત્તા ઈશ્વર નથી એવું જૈનોના ન્યાયશાસ્ત્રમાં સારી રીતે ચર્ચેલી છે તે નહિ જણાવતાં ખરો ભાવાર્થ જાણવા માટે કંઇક લખવાની જરૂર પડે છે કે, આ દુનિયામાં જે જે પુદ્ગલો દૃષ્યમાન છે તે તે પુદ્ગલોનો બનાવનાર દરેકનો આત્મા જુદો છે અને તે તેજસ અને કાર્મણ શરીરના સંબંધવાળો હોવાથી, પોતપોતાના દેહનો કર્તા બને છે, તેમાં પણ જેની પાસે જેવા પ્રકારે સામગ્રી તેવા પ્રકારે દેહને ધારણ કરે છે; અર્થાત્ લીંબડાનો આત્મા જેવા પ્રકારે કર્મના પુદ્ગલો પોતે બાંધેલા છે તદનુસારે શરીરને ધારણ કરવા લાયક પુદ્ગલો ગ્રહણ કરી, પોતે આહાર વિગેરે ગ્રહણ કરી પોતાને રહેવા લાયક દેહ તેને તૈયાર કરે છે, અને દેહમાં રહેલો પોતે સુખ દુઃખનો અનુભવ કરે છે; ફકત તફાવત એટલોજ કે જેમ કારીગર પોતાના મકાનને સારૂ બનાવવા ઇચ્છતો હોય, પરંતુ સામગ્રીના અભાવથી વા બુદ્ધિની ન્યૂનાધિકતાથી વા તથા પ્રકારે સલાહ આપનારના અભાવથી સારૂં નરસું મકાન બને છે, તેની માફક તેવી ઉત્તમ સામગ્રીના અભાવના લીધે, જ્ઞાનાવરણીયાદિ કર્મોની ઉપાધિને લીધે તથા સદ્ગુરૂના અભાવને લીધે સુખને ઇચ્છવા છતાં વિપરીત સામગ્રીથી વિપરીતપણું થાય છે, તેથી દરેક વસ્તુનો કર્તા તે તે જીવનો આત્મા રહેલો છે અને તે કર્માનુસારે દેહની રચના કરે છે.

અને તેવા અનંતા આત્મા રહેલા છે. એક કોઇપણ તલભાર જગ્યા ચૌદરાજલોકમાં કે સૃષ્ટિમાં એવી નથી કે જ્યાં આત્મા ન હોય?

આ દરેક આત્મામાં અનંત જ્ઞાન, દર્શન, વીર્ય રહેલું છે, તેની સત્તા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધાત્માની સત્તા તુલ્ય છે, ફક્ત સંસારી જીવોની સત્તા કર્મના લીધે તિરોભાવને પામેલી છે અને સિદ્ધોની પ્રકટપણે છે, તેથી જે આત્મા ઉત્તમ પ્રકારનાં આચરણો કરે છે તે પૂજ્ય પદને પામે છે અને જ્યારે ખરાબ આચરણો કરે છે ત્યારે કર્મ પણ તેવા પ્રકારે બાંધી શરીરાદિને પણ તેવા પ્રકારે બનાવે છે, આથી પોતાને સુખ દુઃખ કરનાર પોતાનાં આચરણો છે; આમાં ઇશ્વરને આરોપ આપવો એ કેવળ મિથ્યા છે. દરેક વસ્તુની સ્થિતિ એક એક અપેક્ષાથી લખાય છે જેમકે સ્થાંનાંગ સૂત્રમાં, **एगे आया, आत्मा** એક છે, આ ઉપરથી બીજા સ્થલોમાં બતાવેલ સિદ્ધાન્તાનુસારી અનંતા જીવોનું નાસ્તિત્વપણું સિદ્ધ થતું નથી; પરંતુ દરેક જીવોની સત્તા તુલ્ય છે તેમજ જણાવવા પરત્વે છે; તેમ દરેક પૃથ્વી આદિ જીવો જુદા છે, પરંતુ સામાન્યથી દરેક જીવનું સરખાપણું જણાવવા ખાતર આત્મા અનંતા છે, પણ સત્તાની અપેક્ષાએ દરેક સરખા છે એમ જાણવાનું છે અને તે આત્મા જ્યારે સારા આચરણો કરે છે ત્યારે શં. સુખ તેને કરનાર શંકર, જ્ઞાન સ્વરૂપે સર્વ વ્યાપિત્વાદ્ વિષ્ણુ, તેમ બ્રહ્મચર્યાદિ ગુણોને ધારણકર્તા હોવાથી બ્રહ્મ સ્વરૂપે કહેવાય છે. ચારે મુખે દેશના આપવા યોગ્ય જ્યારે અર્હંત પદને યોગ્ય થાય ત્યારે ચતુર્મુખે દેશના આપવાથી ચતુર્મુખ વિગેરે નામો કહેવાય છે, અને તેવો આત્મા જગતના જીવોને હિતકારી દેશના આપી જગતના જીવોનો ઉદ્ધાર કરે છે, આથી સ્વર્ગનો દાતા કહેવાય છે કેમકે જે માણસો સુખ દુઃખ પામે છે તે તેમની આજ્ઞાનું આરાધન કર્યા ન કર્યાનું ફલ છે.

તા. ૧૫-૧૦ ૧૯૨૭ **મ્હેસાણા.** ( ચાલુ )

## કેટલાક ઉપયોગી વિચારો.

**વિઠ્ઠલદાસ-મૂ.-શાહ.**

( ગતાંક પૃષ્ઠ ૧૨૭ થી શરૂ )

મી. સ્માઈલ્સે પોતાના 'સ્વાવલંબન' નામના ગ્રંથની શરૂઆતમાંજ લખ્યું છે કે સ્વાવલંબનનો ભાવજ પ્રત્યેક મનુષ્યની ઉન્નતિનું મુખ્ય કારણ છે. જે મનુષ્ય બીજાની સહાયતાની અપેક્ષા રાખ્યા કરે છે તે પોતાની જાતને ઘણે ભાગે હાનિજ પહોંચાડે છે; પરંતુ જે મનુષ્ય હમેશાં પોતાની જાત ઉપર વિશ્વાસ રાખીને કામ કરે છે તેને કેવળ લાભ થાય છે એટલુંજ નહિ પણ પોતાની શક્તિમાં વૃદ્ધિ કરે છે અને બીજાઓમાં પણ શક્તિનો સંચાર કરે છે. મી. સ્માઇલ્સે તો સ્વાવલંબનને જાતીય ઉન્નતિનું એક અતિ આવશ્યક અંગ માનેલું છે. તેનું મન્તવ્ય એમ છે કે જો કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ દેશના નિવાસીઓના સઘળાં કાર્યો ત્યાંની સરકાર કરી આપ્યા કરે અથવા સઘળાં કાર્યોમાં તેને સહાયતા આપ્યા કરે તો તે દેશના મનુષ્યોમાં જાતે કામ કરવાનો ઉત્સાહ ઘટી જાય છે અને ક્રમે કરીને તેઓ તદ્દન શિથિલ અને અકર્મણ્ય બની જાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સ્વાવલંબન મનુષ્યને ઉન્નત અને શ્રેષ્ઠ બનાવે છે અને પરાવલંબન તેને અવનત અને નિકૃષ્ટ બનાવી મૂકે છે. સ્વાવલંબન આપણને ઉપર ચઢાવે છે અને પરાવલંબન આપણને નીચે ધકેલી મૂકે છે.

સુવિખ્યાત અંગ્રેજ વિદ્વાન મી. કાર્લાઇલે એક સ્થળે ઘણા થોડા શબ્દોમાં સ્વાવલંબનનું આખું તત્વ સમજાવી દીધું છે. તેમણે કહ્યું છે કે "આજ સુધી મનુષ્ય કદિ પણ એવી પરિસ્થિતિમાં નથી મુકાયો કે જેની અંદર તેને માટે કોઈ પણ જાતનું કર્તવ્ય કે આદર્શ ન હોય. જો આદર્શ છે તો તે તમારી હીનહીન તથા તિરસ્કૃત દશામાં જ છે અને જો નથી તો ક્યાંય પણ નથી. આદર્શ પણ તમારામાંજ છે અને બાધાઓ પણ તમારામાં જ છે. પ્રાપ્ત સાધનોથી કામ લ્યો, એ આદર્શને શોધી કાઢો, અને પોતાનું કાર્ય કરતાં છતાં સ્વચ્છન્દતા તથા વિશ્વાસપૂર્વક રહો; અને સદા એ સિદ્ધાન્તને લક્ષ્યમાં રાખો કે તમારો આદર્શ—તમારૂં લક્ષ્ય તમારામાં જ છે અને તેને શોધી કાઢવાની આવશ્યક્તા છે."

ઉપરોક્ત કથનથી એટલું સિદ્ધ થાય છે કે સ્વાવલંબન માટે સૌથી પહેલું આપણાં કર્તવ્યનું જ્ઞાન હોવું જોઈએ અને પછી તે કર્તવ્યના પાલનને અર્થે આપણી સઘળી શક્તિઓનો ઉદ્યોગ હોવો જોઇએ. આપણી પરિસ્થિતિ ગમે તેવી હોય, પરંતુ આપણે માટે હમેશાં સઘળી સ્થિતિમાં કાંઇને કાંઇ કર્તવ્ય હોય જ છે અર્થાત્ કોઇ એવું પણ કાર્ય હોય છે કે જે આપણા સિવાય અન્ય કોઈ કરી શકતું નથી; તેમજ કોઇ એવો પ્રસંગ હોય છે કે જેનો ઉપયોગ આપણા સિવાય અન્ય કોઇ નથી કરી શકતું. જે લોકો પડ્યા પડ્યા એમ વિચાર્યા કરે છે કે કોઇ પણ રીતે આ અંધકાર દૂર થઇને પ્રકાશ થઇ જાય; અમારૂં દુઃખ દૂર થઈ જાય અને અમે સુખી બની જઈએ તેઓ સદા દુઃખી જ રહે છે; પરંતુ જે લોકો પોતાનાં કર્તવ્યોનું યથાસ્થિત પાલન કરે છે તેઓ પોતાની આગળનો અંધકાર પોતે જ દૂર કરી શકે છે. તેમને સુખી થવા માટે બીજાની અપેક્ષા નથી રાખવી પડતી. જે મનુષ્ય હમેશાં પોતાનાં કર્તવ્ય પંથ ઉપર જ દૃષ્ટિ રાખે છે, અને પોતાને માટે એનું પાલન જરૂરનું સમજે છે તેઓને કદિ પણ બીજાની સહાયની આવશ્યક્તા નથી રહેતી. કર્તવ્યનિષ્ઠ મનુષ્યની નૈતિક, માનસિક તથા આર્થિક ઉન્નતિ અવશ્ય થાય છે.

ઈંગ્લાંડમાં સર મેથ્યુ હેલ નામનો એક પ્રસિદ્ધ મહાપુરૂષ થઇ ગયો છે. તેના સમયમાં ઇ. સ. ૧૬૬૬ માં એક વખત લોકોમાં એવો પ્રવાદ પ્રસરી રહ્યો હતો કે ઘણા જ ટુંકા વખતમાં આખી સૃષ્ટિનો નાશ થઇ જવાનો છે. તે વખતે હેલ સાહેબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્યાયાધીશ હતા. એક દિવસ ન્યાયાસન ઉપર બેસીને પોતાનું કાર્ય કરી રહ્યા હતા. એટલામાં ચારે તરફ ઘોર અંધકાર થઈ ગયો, ગર્જના થવા લાગી અને વિજળીના ચમકારા દેખાવા લાગ્યા. લોકો તો સમજી ગયા કે હવે પ્રલયકાળ નજીક આવ્યો છે, સઘળા લોકો પોતપોતાના કામ તજી દઇને ઈશ્વરની પ્રાર્થના કરવા લાગ્યા. લોકો સર્વત્ર ભયભીત થઇ ગયા, અનેક દ્રઢચિત્તવાળા મનુષ્યો પણ એને લઇને ચલિત બની ગયા; પરંતુ હેલ સાહેબ ઉપર એ વાતોની જરા પણ અસર ન થઇ. એમણે તો પોતાનું કાર્ય નિયમાનુસાર કરવાનું ચાલુ રાખ્યું. તેમનું ધ્યાન તો પોતાના કામમાં જ લાગેલું હતું. તેમને પ્રલયની લેશ પણ પરવા નહોતી. તેઓ સમજતા હતા કે હું મારૂં પોતાનું કર્તવ્ય કરી રહ્યો છું અને પછી જે બનવાનું હોય તે ભલે બને. જો એ રીતે દરેક મનુષ્ય વિચાર કરે કે આપણું મુખ્ય કાર્ય કર્તવ્ય–પાલનજ છે તો તે અનેક ચિંતાઓ, અનેક દુઃખો અને અનેક જાતની ઉપાધિઓથી ઘણી સહેલાઇથી બચી શકે છે. આપણને મુશ્કેલીઓ ત્યારે નડે છે કે જ્યારે આપણે આંધળાની માફક અહિં તહિં વલખાં મારીએ છીએ અને બીજાની સહાયતા શોધતા ફરીએ છીએ. જે નૈતિક અને માનસિક શિક્ષણને લોકો સ્વાવલંબન કહે છે, તેનું સૌથી પ્રધાન અંગ આપણા કર્તવ્યનું યોગ્ય જ્ઞાન પ્રાપ્ત કરવું અને તેનાં પાલનમાં દત્તચિત્ત બનવું એ છે.

મોટા મોટા રાજ્યો સ્થાપનાર, મહાન યુદ્ધોમાં વિજય મેળવનાર, લાખો કરોડો રૂપિયાની સંપત્તિ ઉપાર્જીત કરનાર, તથા મોટા મોટા વેપારીઓ વિદ્વાનો, રાજનીતિજ્ઞ પુરૂષો, વૈજ્ઞાનિકો વિગેરે હમેશાં સ્વાવલંબી મનુષ્યોજ હોય છે. અખંડ અધ્યવસાય, સમયનો સદુપયોગ, સઘળું સહન કરવાનું ધૈર્ય, નિરંતર અવિશ્રાંત પરિશ્રમ, કદિ પણ શિથિલ ન બને એવી શકિત, પૂર્ણ દઢ નિશ્ચય અને પોતાનાં કાર્યમાં એકાન્ત મનોયોગની સહાયતાથી જ તે લોકો સર્વ પ્રકારની મુશીબતો દૂર કરી લે છે. એવાજ મનુષ્યો ઘોર દરિદ્રતામાંથી નીકળીને કરોડપતિ અને અબજ પતિ બને છે અને સંસારમાં સારી કીર્તિ સંપાદન કરે છે. અનેક મહાન પુરૂષોએ એ રીતેજ મહત્વ પ્રાપ્ત કર્યું છે; અને આજ પણ જે લોકો મહત્વ પ્રાપ્ત કરવા ઇચ્છતા હોય તેમને ઘટે છે કે તેમણે પણ કોઈ ઉચ્ચ ઉદ્દેશ પર ધ્યાન રાખીને કટિબદ્ધ બનીને તેની પૂર્તિ માટે મંડયા રહેવું જોઇએ.

મનુષ્ય–જીવનની સાર્થકતા માટે પરિશ્રમ, સાહસ, દઢનિશ્ચય, સદાચાર, સાત્વિકતા, શારીરિક તથા માનસિક બળ અને એવા પ્રકારના અન્ય અનેક ઉત્તમ ગુણોની પરમ આવશ્યકતા રહેલી છે; તોપણ સ્વાવલંબન પાસે એ સઘળા ગુણો ગૌણ અને સાધારણ મહત્વના છે. તેજ મનુષ્ય વસ્તુતઃ મનુષ્ય કહેવરાવવાને લાયક છે કે જે પોતાના કાર્યો માટે હમેશાં પોતાના ઉપરજ વિશ્વાસ રાખે છે અને સહાયતા માટે કોઇ બીજાના મુખ તરફ નથી જોતો, છતાં જો પોતાની મર્યાદાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ પણ પ્રકારની હાનિ કર્યા વગર મનુષ્ય પોતાના મિત્રોની સહાયતા અથવા સહાનુભૂતિ મેળવી શકતો હોય તો તેણે તેનાથી જાણી બુઝીને કદિ પણ વંચિત પણ ન થવું જોઇએ. કેમકે કેટલીક વખત એવું પણ બને છે કે કોઇ કઠિન કાર્ય બીજાની સહાયતા વગર શરૂ પણ કરી શકાતું નથી. પરંતુ તે સાથે એટલું પણ અવશ્ય માનવું પડશે કે વાસ્તવિક અને મહત્વપૂર્ણ વિજય તો એજ કહેવાય કે જે કેવળ પોતાનાં બળથી જ બીજાની સહાયતા વગર પ્રાપ્ત કર્યો હોય. કેટલાક લોકો એવા પણ હોય છે કે જેઓને માટે બીજાની સહાયતાની અપેક્ષા કરવી અનિવાર્ય હોય છે; તેમજ જેઓ પોતાની શક્તિ અને સદ્ગુણોનો પરિચય ત્યારે કરાવી શકે છે કે જ્યારે તેઓને બીજા તરફથી થોડી ઘણી સહાયતા મળે છે. એવા લોકોમાં ખરી રીતે કાં તો કોઇ શારીરિક દોષ હોય છે અથવા તો યથેષ્ટ નૈતિક શિક્ષણનો અભાવ હોય છે. એવા લોકો કેટલેક અંશે સહાયતાને પાત્ર અવશ્ય છે જ.

પરંતુ જે લોકો કોઇ બીજાની સહાયતા વગર પોતે જ દૃઢતા પૂર્વક પોતાના જ પગ ઉપર ઉભા રહી શકે છે અને જરા પણ ચલાયમાન થયા વગર પોતાનાં કર્તવ્યોનું પાલન તેમજ ઉદ્દેશ્યની સિદ્ધિ કરી શકે છે તેઓજ આદર્શ અને તેઓજ ધન્ય છે. જે લોકો સ્વાવલંબી હોય છે તેઓ હમેશાં સ્વતંત્રતા પૂર્વક પોતાનું જીવન વ્યતીત કરે છે અને દુર્ભાગ્ય અથવા મુશ્કેલીઓ તેઓને લેશ પણ નુકસાન કરી શકતી નથી. તદુપરાંત સ્વાવલંબી થવા માટે બીજી બે બાબતોની આવશ્યક્તા રહે છે. એક તો આત્મ–મર્યાદાનું ધ્યાન અને બીજું આત્મ–શક્તિનું જ્ઞાન. જે મનુષ્યને પોતાની પ્રતિષ્ઠાનું ધ્યાન રહે છે અને જેઓને પોતાની શક્તિનું યથેષ્ટ જ્ઞાન હોય છે તેઓ કદિ પણ બીજાઓની સહાયતાને આશરે રહેતા નથી. આત્મ–મર્યાદાનું ધ્યાન આપણને આપણું કાર્ય પોતેજ કરવાનું શિખવે છે અને આત્મ–શક્તિનું જ્ઞાન આપણને મુશ્કેલીઓની પરવા નહિ કરવાનું શીખવે છે; અને મનુષ્યોમાં એ બન્ને બાબતો આવી જાય છે ત્યારે તેઓ પોતે પોતાનાં સઘળાં કાર્યો પરિશ્રમ પૂર્વક અને કોઇની પણ સહાયતા વગર કરવા લાગે છે જ.

**इतिशम्.**

**સંપૂર્ણ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પાદપૂર્તિ.

વસંતતિલકા છંદ.

તે સત્યનો વિજય થાય, અખિલ[1] વિશ્વે.
આવી પડ્યાં વિપદ વાદળ માથે જેને;
તોયે ન જેહ ડગતા ધરી ધૈર્ય રે'ને,
શ્રદ્ધા સુધન ઉપરે રહિ શાંત ચિત્તે;
તે સત્યનો વિજય થાય અખિલ વિશ્વે. ૧

વેઠયું મહાવીર જીને અતિ દુ:ખ ભારે,
ને સંગમ કીધ ઘણા ઉપસર્ગ જ્યારે;
તેની દયા ચિત્ત ધરી, શુભ ચીંતવે તે,
તે સત્યનો વિજય થાય, અખિલ વિશ્વે. ૨

સીતા અને નળપ્રિયા જગમાં ગવાણી,
જે ના ડગી દુ:ખ પડે, શિળથી વખાણી;
આ ચંદ્ર સૂર્ય તપશે સુધી, સાચ નિશ્ચે;
તે સત્યનો વિજય થાય, અખિલ વિશ્વે. ૩

આત્મા ખરો વશ કરી ષટ્[2]રિપુ મારો,
પેહરી, સુજ્ઞાન કવચે, મનને સુધારો;
વૈરાગ વૃત્તિ નિયમે શીવ પંથે સિદ્ધે,
તે સત્યનો વિજય થાય અખિલ વિશ્વે. ૪

કેણી તણી કથણીમાં ચિત્તને ન દેજે,
રેણી તણા ઘર વિષે નિશદીન રેજે;
સાચે સદા પ્રભુપરે, ચિત્ત રો' વિશેષે;
તે સત્યનો વિજય થાય, અખિલ વિશ્વે. ૫

**પી. એન. શાહ.** થરાવાળા.

---

૧. બધું. ૨. ૧ કામ. ૨ ક્રોધ. ૩ લોભ. ૪ મોહ. ૫ મદ. ૬ મત્સર. એ ૭ શત્રુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૬૨

# તીર્થરક્ષક કમિટિ.

જ્યારથી શ્વેતાંબર દિગંબરના તીર્થ સંબંધી ઝગડાઓએ ઉગ્ર સ્વરૂપ લીધું છે ત્યારથી આ પ્રશ્ન સબંધી ચર્ચા હિંદના ચોખુણામાં ઉપસ્થિત થઇ રહી છે, અને તે વાસ્તવિક છે. આપણાં તીર્થો ભારતવર્ષના ભિન્નભિન્ન પ્રાંતમાં આવેલા હોવાથી તેમજ તેના હકો સબંધી વારંવાર કલહો ઉપસ્થિત થતા હોવાથી આવી એક વગવસીલાવાળી, સમગ્ર સંઘનું પ્રતિનિધિત્વ ધરાવતી, કેવળ તીર્થરક્ષાના મુદ્દા પરજ નિર્ભર રહેતી કમિટિની આવશ્યકતા છે. એ વિષે ભાગ્યેજ બે મત હોઇ શકે. આ સિવાય પણ પ્રસ્તુત દેશકાળ અને અન્ય સંયોગો પ્રતિ લક્ષ દેતાં એટલું તો સહજ દ્રષ્ટિગોચર થાય તેમ છે કે હવે અમુક પ્રાંતવાસી માત્ર પોતાના પ્રાંતમાં આવેલ તીર્થનું ગમે તે માર્ગે રક્ષણ કરી બેસી રહે એ સ્થિતિ ઝાઝો વખત ચાલી શકે તેમ નથી જ. ભૂતકાળમાં ભલે તે લાભદાયી નિવડી હોય છતાં વર્તમાન તે સ્વીકારી શકે તેમ નથી. આજે તો સમષ્ટિના સહકારથી નિર્માણ થયેલી સંસ્થાઓની અગત્ય છે. આજે ગણ્યા ગાંઠ્યા કાર્યવાહકોથી તીર્થરક્ષા યોગ્ય પ્રકારે થઇ શકવાની નથી. એની પાછળ જનતાનું બળ જોઇએ છે. એક બટન દબાવવા માત્રથી જેમ વિદ્યુત્‌ના દિપકોની શ્રેણી પ્રજ્વલિત થઇ જાય છે તેમ એક માત્ર હાકથી સારી જૈન જનતા ઝણઝણાટ કરતી કમર કસી રહે, થયેલ આહ્વાન પ્રમાણે પડકાર પડતી ખડી થઇ જાય તેવું મધ્યવર્તી કાર્યવાહક મંડળ જરૂરી છે. આ બધું તીર્થરક્ષક કમિટિની સ્થાપના સિવાય પુષ્પવત સમજી લેવું.

એવી કમિટિની સ્થાપના કરી આપણા પ્રતિસ્પર્ધી ગણાતા દિગંબરો આજે આપણને પ્રત્યેક સ્થળે ગુંચવણમાં ઉતારી રહ્યા છે. અરે, કોઇ કોઇ સ્થળે લાગવગના જોરથી કે ભણેલાના આપભોગથી ફાવી જતાં પણ અનુભવાય છે. આ નિરખ્યાં છતાં આજે આપણે કયાં ઉભા છીએ ? અંશમાત્ર ગૃહકલેશોમાંથી અરે ક્ષુદ્ર માન્યતાઓમાંથી આપણી દ્રષ્ટિ જરાપણ બહાર વળી છે ખરી ? કેટલાક તો ‘ છે ને આણંદજી કલ્યાણજી ’ એટલું કહીનેજ ધીરજ ધરે છે. જરા એ સબંધમાં ઉંડા ઉતરે તો તરતજ ખ્યાલ આવે કે આજે તે રણમાં એકાદ ચુટયા સરોવર સમી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નજરે આવે છે છતાં સમિપ જઇ જોતાં તેના પાણી પણ સુકાઇ ગયેલા, અરે ઉંડા ઉતરી ગયેલા શું નથી દેખાતા ? એકલી પેઢીના શીરે, એની પાસે વિસ્તૃત બંધારણ હોવા સિવાય સર્વ પ્રકારનો બોજો લાદવાથી શું લાભ ! તીર્થરક્ષક કમિટિનો દેહતો એ માતા સમી પેઢીમાંથી જ ઘડવાનો. એ નવિન આકૃતિમાં એનું સ્થાન લગભગ કાયમ જ રહેવાનું છતાં એના રૂપ રંગમાં પરિવર્તન થાય પણ ખરૂં.

તીર્થરક્ષક કમિટિની સ્થાપનામાં ભારતના દરેક મોટા શહેરોમાંથી વસ્તીના પ્રમાણમાં પ્રતિનિધિત્વ હોવું જોઇએ. પ્રતિનિધિની ચુંટણીમાં સંઘનું જ ધોરણ પસંદ કરી જ્ઞાતિ સંબંધી છીછરા માર્ગોને બાજુપર રાખવા જોઈએ. એ ઉપરાંત એક મુદ્દાની વાત લક્ષ્યમાં રાખવાની છે કે જેના વિના આજે ઘણીખરી સંસ્થાઓ મૃતપ્રાય દશામાં નજરે આવે છે. સો કોઈ સુલભતાથી સમજી શકે છે કે નાના યા મોટા દરેક કાર્યમાં જેમ ધનિકની જરૂર છે તેમજ ભણેલાની પણ છે. અને એ સાથે તેટલીજ બલકે વધુ અગત્ય સમયનો ભોગ આપી કામ કરવાવાળાની છે. છેલ્લી વાત ભુલાઇ જતી હોવાથી કયાં તો સંસ્થાઓમાં ધનિકો જ ભરાયલા હોય છે અથવા તો એથી ઉલ્ટું માત્ર ભણેલાઓ કે પદવીધારીઓ હોય છે. ઉભયવર્ગમાં તનનો ભોગ ધરવાવાળા જવલ્લે જ હોય છે જેથી પ્રથમમાં ધનના ઢગલા હોવા છતાં પરિણામમાં નહિં જેવું જ જ્યારે પાછળમાં ખુરસીએ બેસી સારા સારા, બંધારણપૂર્વકના ઠરાવ પાસ કરવા છતાં મીંડુ આવી રહે છે. લેજીસ્લેટીવ દળ મોટું હોય તેથી શું વળ્યું ? એના હુકમ મુજબ કામ બજાવવાને એકઝીક્યુટીવ દળ જોઇએ ને આ ઉપરથી ફલિતાર્થ એ જડે છે કે આપણી કમિટિમાં ધનિક–વિદ્વાન અને સેવાભિલાષીનો સરખો યોગ મળવો જોઇએ. થોડા ધનિકોથી ચાલશે, થોડા એજ્યુકેટેડોથી ચાલશે પણ થોડા કાર્યવાહકોથી નહિં જ ચાલી શકે; તેની ઉણપ તરતજ ચક્ષુ સમીપ આવશે તેથી જે શહેરને ત્રણ કે ત્રણ ઉપરાંત પ્રતિનિધિઓ મોકલવાના હોય તે મધ્યમ વર્ગના, સેવા અર્પી સભ્યને મોકલ્યા વગર ન જ રહે એવો સખત પ્રતિબંધ થવો જોઇએ. આ ઉપરાંત કાયમી ઓફીસ ચલાવવા સારૂ વાર્ષિક ફીની યોજના જરૂરી છે. છતાં એનો ક્રમ એવો ઘડવો કે સામાન્ય અને માપદાર શક્તિ પ્રમાણે તેમાં ફાળો આપી શકે. આવી રીતે સમગ્ર હિંદના સંઘથી વેરાયેલી કમિટિમાં ત્રણ પ્રકારની સભાઓ બને ૧ ધનિકની. ૨ ધારાશાસ્ત્રીઓ યાને બુદ્ધિમાનોની અને ૩ કાર્ય બજાવનારાઓની જરૂર પડે ધનની, જ્ઞાનની અને જાતિભોગની સેવાઓ અનુક્રમે તે આપે બાકી દરેક કાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે મળીને કરે. એ ઉપરાંત પ્રાંતવાર પેટા કમિટિઓ નિમાય કે જેના હસ્તક પ્રાંત વર્તી તીર્થોની સંભાળ મૂકવામાં આવે. એના અન્વેષ અર્થે એક યા તેથી વધુ સારા, લાગણીવાળા અને અનુભવી તપાસ કરનારા પણ નિમાય કે જેઓ વખતોવખત ફરતા રહી, દ્રવ્ય, હક અને મરામત સંબંધી તપાસ કરતા રહી, અવાર નવાર રીપોર્ટ મુખ્ય ઓફીસને મોકલતા રહે. મુખ્ય ઓફિસ જનતાને પ્રચલિત છાપાઓમાં હેવાલો મોકલી યાતો પત્રિકાઓ પ્રગટ કરી તીર્થ સબંધી સમાચારોથી માહિતગાર રાખે. જરૂર પડે શહેરે શહેરમાં અને ગામે ગામમાં સભાઓ પણ ભરાવી શકે. પછી એવું સ્થળ ભાગ્યેજ રહે કે જ્યાં એના હુકમનો અમલ ન થાય. તીર્થપરનું સંકટ સાંભળતાંજ એ વેળા જૈન આલમના હૃદયનું લોહી તપી જવાનું અત્યારની માફક તે વેળા નાણાની કે કાર્યકરોની ભીડ તેને નહિંજ પડવાની—સંઘની ખરી આજ્ઞાનો સાક્ષાત્કાર ત્યારેજ થવાનો. વિશેષમાં કરવાના જે કાર્યો રહે છે. તેમાં નીચેનાને મુખ્ય તરિકે ગણાવી શકાય.

( ૧ ) પૂજ્ય મુનિવર્ગમાંથી એક સલાહકારક કમિટિની નિમણુક કરવી કે જેમની સલાહ વખતો વખત મળતી રહે.

( ૨ ) દરેક તીર્થની મળી શકતી હકીકતોનો સંગ્રહ કે જેમાં પ્રાચીન દસ્તાવેજો—હકો તેમજ જુના ઇતિહાસ સબંધી સર્વ જાતની માહિતીનો સમાવેશ હોય.

( ૩ ) એ સંગ્રહ સર્વ તીર્થોનો એકઠો કરી, તેમાં તે દરેક સ્થાનોના લેખોના ફોટાઓ સમાવી, સારી રીતે હિંદી અને ઈંગ્લીશ ભાષામાં છપાવી પુસ્તક આકારે પ્રગટ કરવો. એની એકેક નકલ દરેક શહેર તથા ગામોના સંઘ પર મોકલી આપવી, તથા ભંડારોમાં ને લાઈબ્રેરીઓમાં પણ સાચવી રાખવી. આતો સામાન્ય રૂપરેખા દોરી; બાકી તો જ્યાં આવી સંસ્થા વિદ્યમાન હોય ત્યાં એક પણ કાર્ય અશક્ય રહેજ નહીં. એવો દિન સત્વર આવો એટલી પ્રભુ પ્રત્યે પ્રાર્થના....

**લે. મોહનલાલ દીપચંદ ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " કાળની ફાળ. "

હરિગીત.

( ૧ )

હાકેમ-હોદ્દો હોય કે હસ્તિ ઝુલે બહુ બારણે,
હાજર હજારો સેવકો મુખથી ભલે જી જી ભણે;
લાખો કરોડો રૂપીયા ગાંઠે નગદ નાણું ગણે,
પણ કાળ તો પકડી જશે જાણો જરૂર એકજ ક્ષણે.

( ૨ )

જીતો લડાઇઓ જગતમાં પણ કાળ જીતાશે નહિ,
યોદ્ધા ભલા ભડવીરને એ કાળ તો ખાશે સહિ;
"સમવર્તિ[1]" સાચું નામ છે જ્યાં ભલામણ થાશે નહિ,
હો રંક કે રાણા સહુ સરીખા ગણાશે ત્યાં સહિ.

( ૩ )

કરે કોળીયા નિત્ય કૈકના ભૂખ્યો અરે ! એ કાળ છે !,
જગ જંતુ પર ઝઝુમી રહી એની અસિ[2] વિકાળ છે !;
આ વિશ્વમાં એ કાળની જબ્બર જરૂર જ ફાળ છે !
ચેતો સુધારો આત્મનું વારો એ આજ કે કાલ છે !.

( ૪ )

એ કાળની વિકાળ ફાળે ફસાતાં પ્હેલા સહુ,
શુભ કૃત્ય કરીને ધર્મનો સારો કરો સંચય બહુ;
આવે ભલે પછી કાળ તો કહી દેજો " આવો અહિં રહું ",
એવું જીવન લઇ ચાલજો મનસુખ ઝાઝું શું કહું.

**મનસુખલાલ ડાયાભાઇ શાહ.**—વઢવાણ કાંપ.

---

૧ સંસ્કૃતમાં "કાળ" ને "સમવર્તિ"–એટલે સમાન રીતે વર્તનાર કહેલ છે,
૨ તરવાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી નવકાર મંત્ર !

( લેખક:—ઘેલાભાઇ પ્રાણુલાલ શાહ, કલોલ. )

નવકાર મંત્ર એ સર્વ મંત્રોનો અધિષ્ટાતા છે. પ્રત્યેક માંગલીક કાર્યોમાં પ્રથમ નવકાર મંત્રનુંજ આવ્હાન થાય છે, એટલે સર્વે મંગળનો પણ મંગળ મુગટ મણી છે મોક્ષાર્થીનું મુખ્ય સૂત્ર છે. યાત જનોનો મુખ્ય પાઠ છે.

સાંસારીક સુખો આપનાર, માન મર્તબો, ઇજ્જત અને વ્યવહાર વધારનાર નવકાર મંત્ર છે. પ્રત્યેક માનવીઓનો રત્નજડિત શણગાર છે, ઇચ્છીત કાર્યોને સિદ્ધ કરનાર અને મોક્ષનું દિવ્ય ધામ બતલાવનાર નવકાર મંત્ર છે.

નવકાર મંત્ર દુઃખને છેદી સુખ આપનાર, વિપત્તી ટાળી શાંતિ સ્થાપનાર, ધર્મવૃત્તિઓને તેના મૂળ ગૌરવ યુક્ત સ્થાન ઉપર પ્રતિષ્ઠિત કરનાર તેમજ વૈમનસ્યને દૂર કરી નરી સરળતા પ્રગટાવનાર છે. સર્પ ફુલની માળાવત્ થઇ, અગ્નિ ઠંડા પાણીવત્ થઇ નવકાર મંત્રનું સ્મરણ કરાવનારને બચાવ છે.

ફક્ત એકજ વખત નવકાર મંત્રનું સ્મરણ કરવાથી કેટલાનાએ પ્રાણ બચ્યા છે, જેનો મહિમા જગજાહેર છે. તેવા શ્રી નવકાર મંત્રનું પ્રત્યેકને શરણુ હજો.

## સત્ય !

સત્ય એ ત્રિકાળમાં પણ ફરી ન શકે તેવી કોઇ અલૌકિક અને નિશ્ચયાત્મ વસ્તુ છે. કમળની માફક તેનો સ્વભાવ હંમેશા ઉપર તરી આવવાનો છે. સત્યનું આરાધન એળે એળે કરનાર મનુષ્યો અંતિમ ભાગમાં કર્મનાં આવરણોથી મુક્ત થાય છે. સત્યનો આરાધક આત્મા જગતનો પૂજનિક બને છે, પ્રત્યેકને તેના ઉપર શ્રદ્ધા ઉપજે છે; વિશેષ વચન લબ્ધી પણ પ્રાપ્ત થાય છે.

સત્ય બોલવાના કારણે વસુરાજા ચાર આંગળ અદ્ધર રહેતા સિંહાસન ઉપર બેસતો—ભળતું વચન બોલવાથી તુરતજ સિંહાસન જમીન ઉપર આવી ગયું.

કેટલીએ સદીઓ વ્યતિત થઇ ગયા છતાં, યુદ્ધિષ્ઠિર, હરીશ્ચંદ્ર વિગેરે મહાન્ પુરૂષોનાં મુબારક નામો વર્તમાન યુગના માનવીઓના જીવ્હાગ્રે છે. સત્ય એજ સુખ આપનાર છે—સંપત્તિ વધારનાર છે, મનુષ્યાને પ્રતિષ્ટા અપાવનાર છે.

## પુરુષાર્થ !

આત્માનો મૂળ સ્વભાવ પુરૂષાર્થી છે, આત્મા સ્વયં—પુરૂષાર્થી છે. ભૂતકાળમાં થઇ ગયેલી મહાન વિભૂતિઓ તેમજ વર્તમાનમાં જે જે મહર્ષિઓ લોકોના, જગતના પૂજનીક બન્યા છે તે વિભૂતિઓ અને મહર્ષિઓના પુરૂષાર્થને જ આભારી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી વીરને નિર્વાણુ પામે ક્રોડો બ્હાણાં વાયાં છતાં તે **વીર મહાવીર પ્રભુ** નો એટલો બધો પુરૂષાર્થ હતો કે જગતની જનતા તે પુરૂષાર્થને નમી પડી હતી, અને હજુ પણ તે પ્રભુનું સૌરભ નામ જગતમાં ઠેર ઠેર ગવાય છે, ભવિષ્યમાં પણ ગવાશે.

કોઇપણુ ક્રીયા અને ગતિ-તેમાં પુરૂષાર્થ છે, પણ ઓછો-વધતો-ઉંચો-નીચો, પુરૂષાર્થ કેળવવો તે પ્રત્યેકની ઇચ્છા ઉપર આધાર છે. પરદેશમાં પુરૂષાર્થી સન્માન પામે છે, આર્થીક અને નૈતિક સુખો મેળવે છે. વિલાયતની સરકાર પુરૂષાર્થીને જ પ્રધાનપદ આપે છે. પુરૂષાર્થીને ઉત્તેજન આપે છે.

અવ્યાબાધ સુખ-મોક્ષને મેળવવા અનંત પુરૂષાર્થની આવશ્યકતા છે, પણ ક્રમે ક્રમે થોડો થોડો પણ પુરૂષાર્થ કરવો જોઇએ, કે જેથી વધતાં વધતાં તે ભૂમિકાએ પહોંચાય.

# ગ્રંથાવલોકન તથા સાભાર સ્વીકાર.

**શ્રી સંમેતશિખર મંડન વિંશતિજીન પૂજા—કર્ત્તા પરમ પૂજ્ય શાંતમૂર્તિ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ** પ્રકટ કર્ત્તા શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાઇબ્રેરી લુણસાવાડા-અમદાવાદ કિંમત ૦-૪-૦

આ બુકમાં વીશતીર્થંકર મહારાજની વીશ પૂજાઓ, સ્તવનો, સ્તોત્રો વગેરેનો સંગ્રહ કરવામાં આવેલો છે. દરેક પૂજા અને સ્તવનો ભકિત રસથી ભરપુર છે કે જેથી પૂજા ભણાવનાર અને શ્રોતાને આલ્હાદ ઉત્પન્ન થાય તેવું છે સાથે તાલ સૂર, વગેરેનું નોટેશન આપી વાજીંત્ર દ્વારા તે શિખનારને સરલતા કરી આપી છે. કર્ત્તા મહાત્માએ શ્રી ગિરનાર તીર્થની પૂજા બનાવેલ હતી, તેમાં આ તીર્થની આ પૂજા બનાવી દેવભકિત કરનાર માટે એક ઉમદા તક અને ભકિતની વૃદ્ધિ કરી છે. ઉંચા આર્ટપેપર ઉપર શાસ્ત્રી ટાઇપમાં સુશોભીત બાઇડીંગથી તેની બાહ્ય સૌંદર્યતામાં પણ વૃદ્ધિ કરી છે. કિંમત **અલ્પ હોઇ લાભ લેવા જેવું** છે.

નીચેના ગ્રંથો ભેટ મળ્યા છે જેથી તે ઉપકાર સાથે સ્વીકારીયે છીયે (સમાલોચના હવે પછી)

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | પ્રમાણ મીમાંસા. પ્રકાશક આર્હતમત પ્રભાકર કાર્યાલય. | પુના. | રૂા ૧-૦-૦ |
| ૨ | સભાષ્ય તત્વાર્થાધિગમ સૂત્રાણિચિત્ર સહિતાનિ | ,, | ,, | રૂા ૨-૪-૦ |
| ૩ | સ્યાદ્વાદ મંજરી | ,, | ,, | રૂા ૨-૦-૦ |
| ૪ | સ્યાદ્વાદ રત્નાકર ( પ્રથમો ભાગ ) | ,, | ,, | રૂા ૨-૮-૦ |
| ૫ | ,, ( દ્વીતયો ભાગ ) | ,, | ,, | રૂા ૨-૦-૦ |
| ૬ | ,, ( તૃતીયો ભાગ ) | ,, | ,, | રૂા ૨-૦-૦ |
| ૭ | અનેકાંતવાદ ( હીંદી ) પ્ર. આત્માનંદ જૈન ટ્રેકટ સોસાયટી, અંબાલા શહેર | | | રૂા ૦-૧-૦ |
| ૮ | જૈન ધર્મકી વિશેષતાયેં | ,, | ,, | રૂા ૦-૨-૦ |
| ૯ | શ્રાદ્ધગુણ વિવરણ ભાગ ૧૧ મો | ,, | ,, | રૂા ૦-૨-૦ |
| ૧૦ | મેરૂત્રયોદશી મહાત્મ્ય પ્ર. હિંદી " જૈન બંધુ ,, ગ્રંથમાળા. | | ઇંદોર | રૂા ૦-૦-૯ |
| ૧૧ | શ્રી જ્ઞાનપંચમી મહાત્મ્ય | ,, | ,, | રૂા ૦-૧-૦ |
| ૧૨ | ગેબી સજા યાને પુત્ર બલિ કે પશુ બલિ પ્ર. જીવ દયા જ્ઞાન પ્રચારક મંડળ હૈદ્રાબાદ સાહિત્ય પ્રચારાર્થે | | | |
| ૧૩ | શ્રી જૈન સુમનમાલા ( હિંદી ) પ્ર. જૈન સેવા મંડળ ઘોડ નદી | | | રૂા ૦-૧-૦ |
| ૧૪ | અનુભવ પંચ વિંશતિ. પ્ર. મહાવીર જૈન મિત્ર મંડળ | | કોલ્હાપુર | |

( પોસ્ટ ચાર્જની એક આનાની ટીકીટ મોકલનારને પ્રકાશક તરફથી ભેટ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ માસિકના સુજ્ઞ ગ્રાહકોને વધારાની ભેટની બુક.

આગમાનુસાર મુહપત્તિ નિર્ણય—નામની બુક ઉપાધ્યાયજી મહારાજશ્રી સુમતિસાગરજી શિષ્ય પં૦ શ્રી મણિસાગરજી મહારાજના તરફથી, અમારા આ માસિકના માનવંતા તમામ ગ્રાહકોને ભેટ આપવા અમોને મળેલી છે. ધારા પ્રમાણે ભેટની બુક જે અપાય છે તે ઉપરાંત આ વધારાની ભેટ આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટ આપવાની છે, જેથી દરેક ગ્રાહક મહાશયે પોષ્ટની એક આનાની ટીકીટ મોકલી આ બુક મંગાવી લેવા નમ્ર સુચના છે. ઉપરોક્ત મુનિ મહારાજાઓનો તે માટે ઉપકાર માનવામાં આવે છે.

## સૂચના.

આ સભા તરફથી પ્રસિદ્ધ થયેલ **શ્રી નવતત્ત્વનો સુંદર બોધ, શ્રી જીવવિચાર** વૃત્તિ તથા **શ્રી દંડક વિચાર વૃત્તિ** આ ત્રણ ગ્રંથો ( મૂળ, ભાષ્ય અને ભાષાંતર સાથે ) જૈન પાઠશાળા, કન્યાશાળા, વિદ્યાશાળામાં ખાસ ચલાવવા યોગ્ય તેમજ ધાર્મિક શિક્ષણ માટેના અતિ ઉપયોગી હોઇ ધાર્મિક શાળાઓને ભેટ આપવાની છે. ત્રણ વર્ષ કરતાં વધારે વર્ષ થયા ચાલતી કોઇપણ શાળાઓના વ્યવસ્થાપકોએ તે તે ગામના મુખ્ય અગ્રેસરની લેખીત ભલામણ મોકલવાથી ( શીખનારની સંખ્યા સાથે લખી મોકલવાથી ) માત્ર પારસલ કે પોસ્ટ ખર્ચ લઇ સીલીક હશે ત્યાં સુધી ભેટ મોકલવામાં આવશે.

---

## ભાઇ અમરચંદ જેઠાભાઇનો સ્વર્ગવાસ.

ઉક્ત બંધુ માગશર વદી ૧ ના રોજ ટુંક વખતની બીમારી ભોગવી પાંત્રીશ વર્ષની ભરયુવાન વયે સ્વર્ગવાસ પામ્યા છે. જેથી અમો અમારી દીલગીરી જાહેર કરીયે છીયે. ભાઇ અમરચંદ નિખાલસ હૃદયના, માયાળુ, સરલ અને ધર્મપ્રેમી મનુષ્ય હતા આ સભા ઉપર પૂર્ણ પ્રેમ ધરાવતા હતા. આ સભાને તેથી એક માયાળુ સભાસદની ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ એમ પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વ ભાવનાનો સંદેશ.

" જૈન ધર્મ પ્રાંતધર્મ છે, દેશ ધર્મ છે કે જગત્ ધર્મ છે ? અહિંસાનો આદેશ ગુજરાત, ભારત કે જગતને માટે છે ?

ઉપાશ્રયોમાંથી જગત્ ચોકમાં આવો.

અહિંસાનો આદેશ જૈન ધર્મનું ગૌરવ છે; તેટલીજ જવાબદારી ભારે.

બૌદ્ધો સંથાગારમાં ઉપદેશતા, હિંદ બહાર ધર્માચાર્યોના હુમલા પાઠવતા.

હિંદમાં પંચ દ્રવિડ અહિંસક; હજી પંચ ગૌડ હિંસાવાદી છે. હિંદમાં હિંસા હજી પૂરી ધોવાઇ નથી. જૈનાચાર્યો કૃતકૃત્ય થઇ ગયા છે !

અકબર શાહે માંસાહાર તજ્યા પછી કહેતા કે મનુષ્યનું ઉદર તે કાંઇ જાનવરોની કબર નથી.

હિંસાથી ભરેલા યૂરોપ અને અમેરિકા, આફ્રિકા ને એશિયાનો મ્હોટો ભાગ તમારી વાટ નથી જોતા કે જૈનધર્મ આવે ને અહિંસા પરમો ધર્મના પાઠ શીખવી અહિંસક બનાવે ?

છેલ્લા યુદ્ધમાં લાખ્ખોનો સંહાર; કરોડો લૂલા પાંગળા, અબજોના રૂપીયાના ધૂમાડા થયા. પાંચસો જૈન સાધુઓ ને સાધ્વીઓ જર્મન અને મિત્ર રાજ્યો બન્ને દુશ્મનોની ખાઇઓ વચ્ચે જઇને ઉભાં હોત તો ? જગત એક અજબ દર્શન જૂવત. ' હમને મારીને પછી પરસ્પરને સંહારો ' એવી ઘોષણા કીધી હોત તો ? અહિંસાના અજબ આદેશ જગત્ સાંભળત; દુનિયાએ અણદીઠું અદ્‌ભૂત દુનિયા દેખત: ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીરના સાચ્ચા સન્તાનોના આત્મજ્યોતિ આત્માના પ્રકાશથી વિશ્વને અલૌકિક અજવાળત.

સારા જગતને ઉપાશ્રય બનાવો; ભારતમાંથી જગત્-ચોકમાં પરવરો, પ્રાંતના નહિ, દેશના નહિં, જગત્‌ના ધર્માચાર્ય થાવ.

જૈન સંઘ જગત્‌નો છે; માત્ર ગુજરાતનો નથી, માત્ર ભારતવર્ષનો નથી. "

કવિ ન્હાનાલાલ.

For Private And Personal Use Only